# ચરોતરમિત્ર

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩




### રેવન્યૂ તલાટીએ 30 હજાર ગૂગલ પેથી લીધા બાદ વધુ 10 હજાર સ્વીકારતા સેવાસદન બહારથી જ ઝડપાયા

# આણંદ ગ્રામ્ય મામલતદારમાં રેવન્યુ તલાટી - વચેટિયો લાંચ લેતા પકડાયાં

**બાકરોલની** જમીનની વારસાઈ નોંધના કામ માટે 1.20 લાખની લાંચ માંગી હતી



(પ્રતિનિધિ) આણંદ તા.20

આણંદ ગ્રામ્ય મામલતદાર કચેરીના રેવન્યુ તલાટી અને તેના વચેટિયા સાગરીતને એસીબીએ 10,000ની લાંચ લેતા રંગેહાથ ઝડપી પાડી ભ્રષ્ટાચારી તત્વોમાં ફફડાટ ફેલાવી દીધો છે. આ કેસમાં વારસાઈની નોંધ નામંજૂર થયા બાદ તેની અપીલની કામગીરી કરી આપવાના બહાને તલાટીએ કુલ 1.20 લાખની માંગણી કરી હતી. જેમાં રૂ.30 હજાર ગુગલ પેથી લીધા બાદ વધુ રૂ.10 હજાર લેતા સેવાસદનની બહારથી જ ઝડપી પાડ્યાં હતાં.

સૂત્રોના જણાવ્યાનુસાર, ફરિયાદીના પિતા અને તેમના કૌટુંબિક સભ્યોના નામે બાકરોલ ખાતે આવેલી વડીલોપાર્જિત સંયુક્ત માલિકીની જમીનમાં વારસાઈની નોંધ નામંજૂર થઈ હતી. આ નોંધોની અપીલની કામગીરી કરી આપવા માટે આણંદ ગ્રામ્ય મામલતદાર કચેરીના વર્ગ-3ના રેવન્યુ તલાટી ગૌરવ રાજેશકુમાર રાજપુત (રહે. 3,આધ્યાપાર્ક સોસાયટી, ગામ ઈસરામા, તા.પેટલાદ)એ પ્રથમ 1,20,000ની લાંચની માંગણી કરી હતી., જે પૈકી 30,000 અગાઉ ગૂગલ પે મારફતે સ્વીકારી લીધા હતા. બાકી રહેતા નાણાં પૈકી 10,000ની માંગણી ચાલુ રાખતા ફરિયાદીએ એસીબીનો સંપર્ક કર્યો હતો.

આણંદ એસીબી દ્વારા 20મી ફેબ્રુઆરી, 2026ના રોજ આણંદ જિલ્લા સેવાસદન કચેરીની બહાર જાહેર રોડ પર આવેલી એક ચાની લારી પાસે છટકું ગોઠવવામાં આવ્યું હતું. આ છટકામાં રેવન્યુ તલાટી ગૌરવ રાજપુતે પંચની હાજરીમાં ફરિયાદી સાથે હેતુલક્ષી વાતચીત કરી લાંચના નાણાં ખાનગી વ્યક્તિ બદરૂદીન શરફુભાઈ મલેક (રહે. બોરીયાવી)ને આપી દેવા જણાવ્યું હતું. બાદમાં બદરૂદી 10,000 સ્વીકારતા જ એસીબીની ટીમે ત્રાટકીને બંને આરોપીઓને દબોચી લીધા હતા.

#### ડિજિટલ લાંચ, 30 હજાર ગૂગલ પેથી લીધા

આ કિસ્સામાં ચોંકાવનારી વિગત એ છે કે, રેવન્યૂ તલાટી ગૌરવ રાજપૂતે અગાઉ લાંચની રકમનો એક હિસ્સો એટલે કે 30 હજાર ગૂગલ પે મારફતે ઓનલાઇન સ્વીકાર્યો હતો. જોકે, વધુ નાણાંની લાલચ તેને એસીબીના સકંજા સુધી દોરી ગઈ હતી. આ ટ્રેપમાં ટ્રેપિંગ અધિકારી તરીકે પોલીસ ઇન્સ્પેક્ટર એમ.એલ.રાજપુત હતાં.

### ચકચારી સાજીદ રાબડી ફાયરિંગ કેસમાં હાઈકોર્ટનો મહત્વનો ચૂકાદો

# લુણાવાડા: ફાયરીંગમાં હાઈકોર્ટ દ્વારા પોલીસને ક્લીનચીટ અપાઈ

**કુખ્યાત** ગુનેગારના ચુંગાલમાંથી મહિલાઓ-બાળકોને બચાવવા ગોળીબાર અનિવાર્ય હતો : કોર્ટનું અવલોકન

(પ્રતિનિધિ) લુણાવાડા તા.20

લુણાવાડામાં વર્ષ 2018માં સાજીદ ઉર્ફે રાબડીના મોતના મામલે ગુજરાત હાઈકોર્ટે પોલીસની તરફેણમાં ઐતિહાસિક ચુકાદો આપ્યો છે. કોર્ટે સ્પષ્ટ કર્યું છે કે આ ઘટના કોઈ આયોજિત 'એન્કાઉન્ટર' નથી, પરંતુ નિર્દોષ નાગરિકો અને પોલીસ કર્મચારીઓના જીવ બચાવવા માટે કરવામાં આવેલો સ્વબચાવ હતો. આ અવલોકન સાથે હાઈકોર્ટે પોલીસ વિરુદ્ધ ચાલી રહેલી કાયદાકીય કાર્યવાહીને રદ કરી છે.

લુણાવાડામાં 18મી ઓગસ્ટ 2018ના રોજ રાત્રે કુખ્યાત ગુનેગાર સાજીદ ઉર્ફે રાબડી હનીફ જમાલ શેખ એક પરિવારના ઘરમાં હથિયાર સાથે ઘૂસી ગયો હતો. આ રીઢા ગુનેગાર પર લૂંટ, ખંડણી અને હુમલા જેવા અંદાજે 60થી 70 જેટલા ગંભીર ગુનાઓ નોંધાયેલા હતા. આ ઘટના સમયે તેણે ઘરમાં હાજર મહિલાઓ અને બાળકોને બંધક બનાવ્યા હતા. જ્યારે પોલીસ ઘટનાસ્થળે પહોંચી ત્યારે આરોપી અત્યંત હિંસક મૂડમાં હતો અને બંધકોના જીવ જોખમમાં હતા.

આ અંગે હાઈકોર્ટે પોતાના ચુકાદામાં નોંધ્યું હતું કે, પોલીસે ત્યારે જ ગોળીબાર કર્યો જ્યારે સ્થિતિ વણસી હતી અને નિર્દોષોની સુરક્ષા કાજે બીજો કોઈ વિકલ્પ બચ્યો નહોતો. કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે આ પગલું ભરવું અનિવાર્ય હોવાનું સ્વીકારીને કોર્ટે પોલીસની કામગીરીને યોગ્ય ઠેરવી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, લુણાવાડમાં જે તે સમયે આ કિસ્સાએ ભારે ચકચાર મચાવી દીધી હતી. જેમાં પોલીસ સામે આક્ષેપો થયાં હતાં.

# લુણાવાડા:ગઠિયાએ 10.90 લાખના દાગીના પડાવ્યાં

**ઘરની મુસીબતો** દૂર કરવા વિધિ કરવાના બહાને દાગીના ખંખેર્યાં

(પ્રતિનિધિ) લુણાવાડા તા.20

લુણાવાડા બસ સ્ટેન્ડ પર અંધશ્રદ્ધાનો આશરો લઈ એક ધુતારાએ દાહોદના એક શખ્સને પોતાની જાળમાં ફસાવી રૂ. 10.90 લાખના ઘરેણાંની છેતરપિંડી આચરી છે. ઘરની નાની-મોટી તકલીફોનું નિરાકરણ લાવવા માટે વિધિ કરવાનું ગતકડું ચલાવી આ ઠગબાજે પરિવારના કિંમતી દાગીના પડાવી લીધા હતાં.

દાહોદના ઉસરવાણ ટીંડોરી ફળીયામાં રહેતા પ્રકાશભાઈ મકનભાઈ ડાંગી જ્યારે પિતા સાથે રામદેવ સીતારામધામ દર્શનાર્થે ગયા હતા, ત્યારે મેમદપુર પટેલ વાસનો સંજયકુમાર સોમાભાઈ પટેલ નામનો શખ્સ તેમને ભટકાયો હતો. આ શખ્સે "ઘરમાં કોઈ તકલીફ હોય તો કહેજો" તેમ કહી પ્રકાશભાઈ સાથે સંપર્ક વધાર્યો હતો અને ત્યારબાદ ફોન કરીને તેમને અંધશ્રદ્ધાની ખાઈમાં ધકેલ્યા હતા.

પ્રકાશભાઈને ઠગબાજે વિધિ કરવાના બહાને લુણાવાડા બસ સ્ટેન્ડ બોલાવી સોનાનો દોરો, કાનની ઝુમખી અને પાયલ પડાવ્યા હતા. બાદ પણ આ સિલસિલો ચાલુ રહ્યો હતો અને તેણે કુટુંબના અન્ય સભ્યોના ઘરેણાં જેમાં સોનાની ઝુમખી, દોરો અને ચાંદીના કંદોરા સહિત કુલ 10.90 લાખની મત્તા પડાવી લીધી હતી. લાંબા સમય સુધી વિધિ પૂર્ણ ન થતા અને બહાનાબાજી કરવામાં આવતા પ્રકાશભાઈને છેતરાયા હોવાનો અહેસાસ થયો હતો. અંતે, તેમણે સંજય પટેલ વિરુદ્ધ લુણાવાડા પોલીસ સ્ટેશનમાં છેતરપિંડીની ફરિયાદ નોંધાવી છે.

### ચરોતર, ડીસા, પાટણ સહિત રાજ્યભરના ખેડૂતો-વેપારીઓ ગાંધીનગર પહોંચ્યા

# તમાકુને 'સીન ગુડ્સ'માંથી મુક્ત કરી GSTમાં રાહત આપવા માંગ

**ગુજરાત** તમાકુ કિસાન વેપારી સંઘની મુખ્યમંત્રીને રજૂઆત કરી

(પ્રતિનિધિ) આણંદ તા.20

ગાંધીનગર ખાતે ગઈકાલે સમસ્ત ગુજરાત તમાકુ કિસાન વેપારી સંઘ દ્વારા મુખ્યમંત્રી સમક્ષ તમાકુના ખેતી અને વેપાર સાથે સંકળાયેલા વિવિધ પ્રશ્નો અંગે રજૂઆત કરવામાં આવી હતી. આ રજૂઆતનો મુખ્ય હેતુ તમાકુની ખેત ઉપજને 'સીન ગુડ્સ'ની શ્રેણીમાંથી બાકાત કરવાનો અને નાના વેપારીઓને ટેક્સમાં રાહત અપાવવાનો હતો.



સમસ્ત ગુજરાત તમાકુ કિસાન વેપારી સંઘ દ્વારા રજૂઆત કરવામાં આવી હતી કે તમાકુની સાફ-સફાઈ કરી તેને વેચાણ યોગ્ય બનાવતા નાના વેપારીઓ, જેઓ ટોબેકો લિવ્સની શ્રેણીમાં આવે છે, તેમને યોગ્ય ક્લેરિફિકેશન મળવું જોઈએ. આ ઉપરાંત, કૃષિ ઉપજ સાથે સંકળાયેલા આવા નાના કારખાનેદારોને જીએસટીની ઉચ્ચ શ્રેણીમાંથી રાહત આપવા માટે રાજ્ય સરકાર કેન્દ્રમાં મક્કમ રજૂઆત કરે તેવી માંગ કરવામાં આવી છે.

આ પ્રસંગે રાજ્યકક્ષાના મંત્રી કમલેશભાઈ પટેલ, ઊંઝાના ધારાસભ્ય કિરીટભાઈ કેશવભાઈ પટેલ અને પાટણના ધારાસભ્ય કિરીટભાઈ ચીમનલાલ પટેલ ઉપસ્થિત રહ્યા હતા અને પ્રતિનિધિ મંડળનું નિવેદન સ્વીકાર્યું હતું. આ રજૂઆતમાં ડીસા, પાટણ, ઊંઝા, વિજાપુર, મહેસાણા, પાલનપુર, વાવ, થરાદ તેમજ ચરોતરના આણંદ-ખેડા જિલ્લાના અગ્રણી ખેડૂતો અને વેપારીઓ મોટી સંખ્યામાં જોડાયા હતા. મુખ્યમંત્રી સાથેની મુલાકાત બાદ તમામ સભ્યોએ સચિવાલયના ગાર્ડન ખાતે આગામી રણનીતિ અંગે ચર્ચા અને વાટાઘાટો કરી હતી.

# આણંદમાં પતિએ પત્નીને છૂટાછેડાની નોટિસ ફટકારી

**પરાણે** ગર્ભપાત કરાવ્યા બાદ 'વાંઝણી' કહી મેણા મારતા હતાં

(પ્રતિનિધિ) આણંદ તા.20

આણંદમાં સાસુ, સસરા અને નણંદની ચઢામણીમાં આવીને પતિએ પરણિતા પર ત્રાસ ગુજારી તેને તરછોડી દીધી હોવાની ઘટના પ્રકાશમાં આવી છે. બાકરોલની હાઈસ્કૂલમાં શિક્ષિકા તરીકે નોકરી કરતી પરણિતાને પિયર રહેવા મજબૂર કરી પતિએ છૂટાછેડાની નોટિસ મોકલતા આણંદ મહિલા પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ છે.

મળતી માહિતી મુજબ, વર્ષ 2018માં સરતાજબાનુના લગ્ન હસીબમહંમદ શેખ સાથે થયા હતા. લગ્નની પહેલી રાતથી જ નણંદ લુબનાબાનુએ દખલગીરી શરૂ કરી હતી અને ઘરકામ તેમજ રસોઈ બાબતે મેણા-ટોણા મારવાનું શરૂ કર્યું હતું. સાસુ આરીફબાનુ પણ નણંદની વાતોમાં આવી પતિની ચઢામણી કરતા હતા, જેના કારણે પતિ મારઝૂડ કરતો હતો. પરણિતા ગર્ભવતી બનતા નણંદના લગ્ન ન થાય ત્યાં સુધી બાળક ન લાવવાનું કહી પતિએ તેને ગોળી ખવડાવી ગર્ભપાત કરાવ્યો હતો. બાદ આ જ સાસરિયાઓએ પરણિતાને 'વાંઝણી' કહીને માનસિક ત્રાસ આપવાનું ચાલુ રાખ્યું હતું. તેમાંય ગત 1લી નવેમ્બર, 2025ના રોજ અચાનક છૂટાછેડાની નોટિસ મોકલી આપી હતી. આખરે કંટાળીને પરણિતાએ પતિ હસીબમહંમદ, સાસુ આરીફબાનુ, સસરા હનીફભાઈ અને નણંદ લુબનાબાનુ સામે પોલીસ ફરિયાદ નોંધાવી છે.

### આણંદ ભાજપ દ્વારા રાહુલ ગાંધીના નિવેદન સામે રોષ વ્યક્ત કરાયો



દિલ્હી ખાતે આયોજિત એઆઈ સમિટ 2026માં રાહુલ ગાંધી દ્વારા ભારતની ટેકનોલોજીકલ પ્રગતિને 'પીઆર સ્ટેન્ટ' અને 'હાસ્યાસ્પદ' ગણાવતા નિવેદનના વિરોધમાં આણંદ જિલ્લા ભાજપ સંગઠન અને યુવા મોરચા દ્વારા શહેરની મુખ્ય ટાઉનહોલ ચોકડી ખાતે ઉગ્ર વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું. જેમાં મોટી સંખ્યામાં એકઠા થયેલા કાર્યકરોએ 'રાહુલ ગાંધી હાય-હાય' અને 'દેશનું અપમાન નહીં સહે ભારત'ના સૂત્રોચ્ચાર સાથે વાતાવરણ ગજવી દીધું હતું અને રાહુલ ગાંધીના પૂતળાનું દહન કર્યું હતું. આ પ્રસંગે જિલ્લા યુવા મહામંત્રી જગત પટેલે જણાવ્યું હતું કે, ભારત જ્યારે વિશ્વગુરુ બનવા જઈ રહ્યું છે ત્યારે રાહુલ ગાંધી દ્વારા ભારતની મજાક ઉડાવવી એ દેશના યુવા ટેલેન્ટનું અપમાન છે.

# કડાણાના વરધરી તળાવ સુધારણામાં ભ્રષ્ટાચાર

**ખોટા** ટેસ્ટિંગ રિપોર્ટ રજૂ કરી સરકાર સાથે છેતરપિંડી આચરતાં શ્રીજી કન્સ્ટ્રક્શન સામે કાર્યવાહી

(પ્રતિનિધિ) કડાણા તા.20

કડાણા તાલુકાના વરધરી સ્વરૂપ સાગર તળાવના વેસ્ટ વિયર સુધારણાની કામગીરીમાં મોટા પાયે ભ્રષ્ટાચાર અને છેતરપિંડીનો મામલો પ્રકાશમાં આવ્યો છે. આ કામગીરી રાખનાર ઈજારદાર શ્રીજી કન્સ્ટ્રકશન (મુ. ગોઠીબ) દ્વારા હલકી ગુણવત્તાનો માલસામાન વાપરીને કુલ રૂ. 16,14,162ની છેતરપિંડી આચરવામાં આવી હોવાની ફરિયાદ નોંધાઈ છે.

કડાણા તાલુકાના વરધરી સ્વરૂપ સાગર તળાવના વેસ્ટ વિયર સુધારણાનું કામ ટેન્ડર પ્રક્રિયા દ્વારા શ્રીજી કન્સ્ટ્રકશનને સોંપવામાં આવ્યું હતું. જોકે, ઈજારદારે ટેન્ડરની શરતો મુજબ માલસામાનની ગુણવત્તા જાળવી ન હતી. આટલું જ નહીં, પોતાની ગેરરીતિ છુપાવવા માટે ઈજારદારે સરકારી તેમજ ખાનગી પરીક્ષણના બોગસ ટેસ્ટિંગ રિપોર્ટ તૈયાર કરાવ્યા હતા. આ ખોટા રિપોર્ટ લુણાવાડા કડાણા જમણા કાંઠા નહેર બાંધકામ પેટા વિભાગ-2ની કચેરીમાં સાચા તરીકે રજૂ કરી સરકાર સાથે વિશ્વાસઘાત કર્યો હતો.

આ ભ્રષ્ટાચાર અંગે જમણા કાંઠા નહેર બાંધકામ પેટા વિભાગના અધિક મદદનીશ ઈજનેર વિનુભાઈ વાલજીભાઈ વણકરે શ્રીજી કન્સ્ટ્રકશન સામે લુણાવાડા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. પોલીસે આ મામલે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

### આણંદના ખાદ્ય એકમો પર મનપાની આરોગ્ય વિભાગની ટીમ ત્રાટકી

# આણંદમાં ગંદકી-પ્લાસ્ટિક બદલ 15 એકમોને 71 હજારનો દંડ કર્યો

**ડોમિનોઝ** પિઝા અને જય જલારામ ખમણ સહિતના નામી એકમોમાં આકસ્મિક તપાસ

(પ્રતિનિધિ) આણંદ તા.20

કરમસદ - આણંદ મનપાના કમિશનરની સૂચના અનુસાર આરોગ્ય વિભાગ દ્વારા શહેરના વિવિધ ખાદ્ય એકમોમાં સ્વચ્છતાલક્ષી તપાસણીની એક મોટી ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. આ તપાસ દરમિયાન અસ્વચ્છતા અને પ્રતિબંધિત પ્લાસ્ટિકનો જથ્થો મળી આવતા કુલ 15 જેટલા એકમો પાસેથી 71 હજારનો વહીવટી દંડ વસૂલ કરવામાં આવ્યો છે.



કરમસદ - આણંદ મનપાના આરોગ્ય વિભાગના ડોક્ટર રાજેશ પટેલ અને તેમની ટીમ દ્વારા હાથ ધરવામાં આવેલી આ તપાસમાં અનેક નામી ખાદ્ય એકમોમાં ગંદકી જોવા મળી હતી. જેમાં જય અંબે દાળવડા, જય જલારામ ખમણ હાઉસ, એ.જે. ફૂડ જંક્શન, બોમ્બે સેન્ડવીચ, પટેલ સેન્ડવીચ, બ્રહ્માણી લાઈવ વેફર્સ, એવર ફ્રેશ સ્પેશિયલ, છાશ વાલા, હેપ્પી વાલી ફીલિંગ, ડોમિનોઝ પિઝા અને કચ્છી દાબેલીનો સમાવેશ થાય છે. આ એકમોમાં સ્વચ્છતાના અભાવ બદલ કુલ રૂપિયા 59 હજારનો દંડ વસૂલવામાં આવ્યો હતો.

આ ઉપરાંત, પ્રકાશ મસાલા અને એવર ફ્રેશ બેકરી ખાતેથી પ્રતિબંધિત પ્લાસ્ટિકનો જથ્થો મળી આવતા તેઓની પાસેથી રૂપિયા 12 હજારનો દંડ લેવામાં આવ્યો છે. આમ, આરોગ્ય વિભાગની ટીમે એક જ દિવસમાં કુલ 15 એકમો પાસેથી 71 હજારની વસૂલાત કરી છે.

આ અંગે આરોગ્ય વિભાગના ડોક્ટર રાજેશ પટેલે જણાવ્યું હતું કે, શહેરના નાગરિકોના સ્વાસ્થ્ય સાથે ચેડાં ચલાવી લેવામાં આવશે નહીં. ખાદ્ય એકમોમાં સ્વચ્છતા જાળવવી અને પ્રતિબંધિત પ્લાસ્ટિકનો ઉપયોગ ન કરવો તે અત્યંત અનિવાર્ય છે.

# ભાઈકાકા યુનિવર્સિટીના સો એકર હરિયાળા કેમ્પસમાં 60 પ્રજાતિના પક્ષીનો વસવાટ

**'કેમ્પસ** બર્ડ કાઉન્ટ 2026' અંતર્ગત પ્રકૃતિ પ્રેમીઓ દ્વારા દસ્તાવેજીકરણ કરાયું

(પ્રતિનિધિ) આણંદ તા.20

કરમસદ સ્થિત ભાઈકાકા યુનિવર્સિટી દ્વારા ગ્લોબલ 'કેમ્પસ બર્ડ કાઉન્ટ 2026' માં ઉત્સાહભેર ભાગ લેવામાં આવ્યો હતો. સો એકરના વિશાળ અને હરિયાળા કેમ્પસમાં હાથ ધરાયેલી આ ગણતરી દરમિયાન 60 જેટલી વૈવિધ્યસભર પક્ષીઓની પ્રજાતિઓ નોંધવામાં આવી છે, જે પર્યાવરણની સુરક્ષા અને સમૃદ્ધ જૈવવિવિધતાનું જીવંત ઉદાહરણ પૂરું પાડે છે.



કરમસદની ભાઈકાકા યુનિવર્સિટીમાં ગ્રેટ બેકયાર્ડ બર્ડ કાઉન્ટના નેજા હેઠળ અને રાષ્ટ્રીય સ્તરે બર્ડ કાઉન્સિલ ઈન્ડિયા દ્વારા આયોજિત આ પહેલમાં ભાઈકાકા યુનિવર્સિટીએ સક્રિય ભાગીદારી નોંધાવી હતી. યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ, ફેકલ્ટી મેમ્બર્સ અને પક્ષી પ્રેમીઓએ કેમ્પસમાં પક્ષી ગણતરી હાથ ધરી હતી.

ભાઈકાકા યુનિવર્સિટીનું જૈવવિવિધતાથી સભર કેમ્પસ, જેમાં જળાશયો, ખુલ્લા ઘાસના મેદાનો અને ગીચ વૃક્ષો આવેલા છે, તે પક્ષીઓ માટે ઉત્તમ નિવાસસ્થાન પૂરું પાડે છે. આ પ્રકારની પહેલ દ્વારા યુનિવર્સિટી વિદ્યાર્થીઓમાં પર્યાવરણ પ્રત્યે જાગૃતિ ફેલાવવા અને કુદરતી જીવોના સંરક્ષણ માટે સતત કાર્યરત છે.

#### ટેકનોલોજી અને સંરક્ષણનો સમન્વય

ડો. અશોક નાયર અને ડો. હરિએક્ષ પાઠકના માર્ગદર્શન હેઠળ સ્વયંસેવકોએ 'મર્લિન ઈબર્ડ' એપ્લિકેશન દ્વારા પક્ષીઓની બોલી, માળો બાંધવાની પદ્ધતિ અને સંવનનની આદતો વિશે ઝીણવટભરી માહિતી મેળવી હતી. આ તમામ ડેટાને ઈબર્ડ પ્લેટફોર્મ પર અપલોડ કરવામાં આવ્યો છે.

#### સ્થળાંતર કરતી પ્રજાતિ પણ જોવા મળી

આ સર્વેક્ષણ દરમિયાન અનેક નિવાસી અને સ્થળાંતર કરતી પ્રજાતિઓ જોવા મળી હતી, જેમાં ઘુવડ, શિકરા, ઈન્ડિયન ગ્રે હોર્નબીલ, ઈન્ડિયન પેરેડાઈઝ ફ્લાયકેચર, યુરેશિયન મૂરહેન અને વ્હાઈટ વેગટેઈલ જેવી મહત્વની પ્રજાતિઓનો સમાવેશ થાય છે. આ ઉપરાંત કોમન ઈરોરા, પર્પલ સનબર્ડ અને રેડ નેકેડ આઈબીસ જેવી પ્રજાતિઓની હાજરી અહીંની ઇકો સિસ્ટમ સ્વસ્થ હોવાનું સૂચવે છે.


ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

આણંદ, વિદ્યાનગર, કરમસદ તેમજ નડિયાદ ખાતે ગુજરાતમિત્ર અખબાર મેળવવા માટે તેમજ આપની કોપી નિયમિત રીતે ચાલુ કરવા માટે સંપર્ક કરો.

| આણંદ | નડિયાદ |
|---|---|
| જય એન્ટરપ્રાઈઝ<br>કિશોર પ્લાઝા,<br>આણંદ. | ઈશાન ન્યુઝ પેપર એજન્સી<br>સાગર ભુવન, ડભાણ<br>ભાગોળ, નડિયાદ |

કોપી ચાલુ કરવા માટે સંપર્ક કરો

મો. 99250 30225, મો. 99255 50225